**M 1158**

તારીખ : ______________ **દ્વિતીય સત્રાંત પરીક્ષા (2023-24)** સમય : 3 કલાક

ધોરણ – 6 વર્ગ. : ____ **વિષય : ગણિત** કુલ ગુણ : 80

વિદ્યાર્થીનું નામ : ____________________________________ રોલ નં. ______

**પ્ર. 1 નીચેના દરેક પ્રશ્નોના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો.** **(16)**

(1) આપેલમાંથી કયો શુદ્ધ અપૂર્ણાંક છે ?

(A) $\frac{7}{6}$ (B) $\frac{76}{51}$ (C) $\frac{51}{76}$ (D) $\frac{150}{17}$

(2) 10 સેમી = ......... મીટર

(A) 0.1 (B) 10 (C) 0.01 (D) 0.001

(3) આવૃત્તિ ચિહ્ન '𝍸 𝍸' એ ......... દર્શાવે છે.

(A) 4 + 4 = 8 (B) 5 + 5 = 10 (C) 4 + 1 = 5 (D) 6 + 3 = 9

(4) જો ચોરસનું ક્ષેત્રફળ 100 ચો સેમી હોય તો આ ચોરસની બાજુની લંબાઈ ......... સેમી થાય.

(A) 9 (B) 8 (C) 10 (D) 5

(5) મૂળાક્ષર 'C' રચવા કેટલી દીવાસળી જોઈએ ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(6) $\frac{3}{5}$ ને સંખ્યારેખા પર દર્શાવવા 0 અને 1 ની વચ્ચે ......... સરખા ભાગ કરવા પડે.

(A) 5 (B) 3 (C) 10 (D) 2

(7) 95 પૈસા = ......... રૂપિયા

(A) 0.85 (B) 95 (C) 0.95 (D) 950

(8) ચિત્ર આલેખમાં '🯅 = 10 બાળકો' હોય તો 🯅 🯅 = ......... બાળકો થાય.

(A) 15 (B) 10 (C) 20 (D) 30

(9) જો લંબચોરસની લંબાઈ 10 સેમી અને પહોળાઈ 8 સેમી છે, તો આ લંબચોરસની પરિમિતિ ......... સેમી છે.

(A) 36 (B) 80 (C) 40 (D) 18

(10) જરૂરી દીવાસળીની સંખ્યા = $2n$ માં ચલ જણાવો.

(A) $2n$ (B) 2 (C) $n$ (D) આપેલ તમામ

(11) 45 એ 9 ના ......... ગણા છે.

(A) 6 (B) 5 (C) 8 (D) 4

(12) 1 + 1.5 + 2.5 બરાબર કઈ કિંમત થાય ?

(A) 5.1 (B) 5.5 (C) 5.0 (D) 4.5

(13) જેની લંબાઈ અને પહોળાઈ ક્રમશઃ 200 સેમી અને 1 મીટર છે તેવા લંબચોરસ ટેબલનું ક્ષેત્રફળ ......... ચો સેમી છે.

(A) 2 (B) 200 (C) 2000 (D) 20000

(14) 7 : 5 અને 49 : ......... ગુણોત્તર સરખા છે.

(A) 7 (B) 5 (C) 35 (D) 49

(15) 20 કિમી અને 15 કિમીનો ગુણોત્તર ......... છે.

(A) 3 : 4 (B) 4 : 3 (C) 10 : 5 (D) 4 : 1

(15) આપેલ આકૃતિઓમાંથી કઈ આકૃતિ $\frac{1}{2}$ અપૂર્ણાંક દર્શાવે છે ?

(A) 

(B) 

(C) 

(D) 

**પ્ર.2 (A) ખાલી જગ્યા પૂરો.** **(8)**

(1) જે અપૂર્ણાંકમાં અંશ એ છેદ કરતાં મોટો હોય તેને ......... કહે છે.

(2) 1 રૂપિયા 7 પૈસા = ......... રૂપિયા.

(3) ચિત્ર આલેખમાં 🕴 = 500 લોકો હોય તો 🕴 🕴 = ......... લોકો.

(4) નિયમિત ષટ્કોણની પરિમિતિ = ..........

(5) જરૂરી દીવાસળીની સંખ્યા 6 હોય તો રચેલ L ની સંખ્યા ......... હશે.

(6) 6 અને 18 નો ગુણોત્તર ......... છે.

(7) 7.86 – 0.86 = .........

(8) જો એક પેટીમાં 24 કેરી છે, તો n પેટીમાં કેરીની સંખ્યા માટેનો નિયમ ......... છે.

**પ્ર.2 (B) માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **(8)**

(1) અપૂર્ણાંક શોધો : (1) 1 દિવસના 5 કલાક (2) 1 ફૂટના 7 ઈંચ.

(2) '=', '>' કે '<' સંકેત મૂકો : 3.9 ......... 3.90

(3) આવૃત્તિ ચિહ્ન '$\bcancel{||||}$ |' એ આંકડામાં કેટલી કિંમત દર્શાવે છે ?

(4) પરિમિતિ શોધવાની જરૂર હોય તેવી બે પરિસ્થિતિ લખો.

(5) દીવાસળીથી પાંચ 'F' બનાવવા કેટલી દીવાસળી જોઈએ ?

(6) ગુણોત્તર શોધો : 95 અને 55

(7) આપેલ અપૂર્ણાંકને આકૃતિમાં દર્શાવો : (1) $\frac{4}{7}$

(8) વ્યાખ્યા લખો : ક્ષેત્રફળ

**પ્ર.3 (A) માગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે બે)(દરેકના 2 ગુણ)** **(4)**

(1) નીચે એક ફેક્ટરી દ્વારા અઠવાડિયામાં બનાવાતી ઘડિયાળની સંખ્યાનો ચિત્ર આલેખ આપેલ છે :

દિવસ — બનાવેલ કાંડા-ઘડિયાળની સંખ્યા —  = 100 કાંડા ઘડિયાળ

સોમવાર

મંગળવાર

બુધવાર

ગુરુવાર

શુક્રવાર

શનિવાર



(a) સૌથી ઓછી કાંડા-ઘડિયાળ કયા દિવસે બનાવવામાં આવી ?

(b) કયા દિવસે સૌથી વધારે કાંડા-ઘડિયાળ બનાવવામાં આવી ?

(2) રમેશભાઈના ખેતરની લંબાઈ અને પહોળાઈ અનુક્રમે 190 મીટર અને 170 મીટર છે. તેઓ તેમના ખેતર ફરતે બે વાર દોરડું વીંટાળી સીમારેખા કરવા માગે છે. તો તેમણે કુલ કેટલી લંબાઈનું દોરડું વાપરવું પડે ?

(3) 300 યુ-પિનની કિંમત ₹ 25 છે તો ₹ 8 માં કેટલી યુ-પિન ખરીદી શકાશે ?

**(B) માગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે ત્રણ)(દરેકના 4 ગુણ) (12)**

(1) નીતા તેના કુર્તા માટે $3\frac{1}{4}$ મીટર અને પાયજામા માટે $2\frac{1}{3}$ મીટર કાપડ ખરીદે છે. તો તેણીએ કુલ કેટલા મીટર કાપડ ખરીદ્યું હશે ?

(2) નીચેની માહિતી ધોરણ-6 ના 32 વિદ્યાર્થીઓના ગણિતના માર્કસ દર્શાવે છે. આ પરથી આવૃત્તિ વિતરણ કોષ્ટક બનાવો :

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 80 | 55 | 92 | 63 | 85 | 50 | 37 | 42 | 92 | 63 | 55 |
| 50 | 63 | 85 | 42 | 50 | 55 | 37 | 42 | 37 | 50 | 63 |
| 80 | 55 | 63 | 85 | 50 | 55 | 80 | 37 | 63 | 50 | |

(1) ગણિતમાં કેટલા વિદ્યાર્થીઓને 55 માર્ક્સ મળ્યા છે ?

(2) ગણિતમાં કેટલા વિદ્યાર્થીઓને 80 માર્ક્સ મળ્યા છે ?

(3) ગણિતમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા જણાવો.

(4) ગણિતમાં સૌથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા જણાવો.

(5) ગણિતમાં સૌથી ઓછા અને સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યાઓનો તફાવત જણાવો.

(3) 15 મીટર લંબાઈના એક ચોરસ ભોંયતળિયે 15 સેમી × 10 સેમી લંબાઈની ટાઈલ્સ જડવી છે, તો કેટલી ટાઈલ્સ જોઈશે ?

(4) માતાની હાલની ઉંમર 36 વર્ષ છે અને પુત્રીની હાલની ઉંમર 12 વર્ષ છે.

(1) 6 વર્ષ પછી માતા અને પુત્રીની ઉંમરનો ગુણોત્તર મેળવો. (2) 8 વર્ષ પહેલા માતા અને પુત્રીની ઉંમરનો ગુણોત્તર મેળવો.

**પ્ર.4 (A) માગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે બે) (દરેકના 3 ગુણ) (6)**

(1) નીચે આપેલ મિશ્ર અપૂર્ણાંકને અશુદ્ધ અપૂર્ણાંકમાં ફેરવો.

(1) $2\frac{3}{4}$ (2) $3\frac{4}{7}$

(2) મોહસીને ₹ 125.75 નોટબુક માટે, ₹ 30.75 પેન્સિલ માટે, અને ₹ 100.00 પુસ્તક માટે ખર્ચ્યા. તો તેણે કુલ કેટલા રૂપિયા ખર્ચ્યા કહેવાય ?

(3) 500 મીટર લંબાઈ અને 300 મીટર પહોળાઈ ધરાવતી લંબચોરસ જમીન પર પ્રતિ સો ચોરસ મીટરે ₹10 પ્રમાણે લાદી બેસાડવાનો ખર્ચ કેટલો થાય?

**(B) માગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે બે)(દરેકના 5 ગુણ) (માહિતીનું નિયમન) (10)**

(1) કેથરિન 40 વખત પાસો ફેંકે છે અને દરેક વખતે તેના પર દેખાતો અંક નોંધે છે, જે નીચે દર્શાવેલ છે :

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | 5 | 6 | 6 | 3 | 5 | 4 | 1 | 6 | 2 | 5 | 3 | 4 |
| 6 | 1 | 5 | 5 | 6 | 1 | 1 | 2 | 2 | 3 | 5 | 2 | 4 | 5 |
| 5 | 6 | 5 | 1 | 6 | 2 | 3 | 5 | 2 | 4 | 1 | 5 | | |

આવૃત્તિ-ચિહ્નનો ઉપયોગ કરી આપેલી માહિતીનું કોષ્ટક બનાવો અને દેખાતા અંક શોધો.

(a) સૌથી ઓછી વખત (times) આવતો અંક

(b) સૌથી વધુ વખત આવતો અંક

(c) સરખી વખત દેખાયા હોય તેવા અંક શોધો.

(2) એક ગામમાં ફળોના છ વેપારીઓએ નીચે પ્રમાણે ફળોની પેટીઓ ખાસ ઋતુમાં વેચી :




આપેલ ચિત્ર આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(a) કયા વેપારીએ સૌથી વધુ સંખ્યામાં પેટીઓ વેચી ?

(b) અનવર દ્વારા ફળોની કેટલી પેટીઓ વેચવામાં આવી ?

(c) 600 થી વધારે પેટીઓ વેચનાર વેપારીઓને હવે પછીની ઋતુમાં વખાર ખરીદવાનું આયોજન છે. તમે તેમનું નામ આપી શકશો ?

(3) કોઈ એક શાળામાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનનાં પ્રયોગો કરાવવામાં આવે છે. આ પ્રયોગો માટે વિદ્યાર્થીની રૂચિનું સર્વે કરવામાં આવે છે અને તે સર્વે પરથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે.




આ ચિત્ર આલેખનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(a) કેટલા વિદ્યાર્થીઓને ભૌતિક વિજ્ઞાનનો પ્રયોગ કરવો ગમે છે ?

(b) વિદ્યાર્થીઓને સૌથી વધુ કયા વિષયનો પ્રયોગ કરવો ગમે છે ?

(c) વિદ્યાર્થીઓને સૌથી ઓછો કયા વિષયનો પ્રયોગ કરવો ગમે છે ?

(d) કેટલા વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાનનો પ્રયોગ કરવો ગમે છે ?

(e) જીવ વિજ્ઞાનનો પ્રયોગ કરવો ગમતો હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા જણાવો.

**પ્ર.5 (A) માગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે ચાર)(દરેકના 2 ગુણ) (8)**

(1) સરવાળો કરો : (1) $\frac{5}{3} + \frac{3}{4}$

(2) દશાંશ સંખ્યાઓની બાદબાકી કરો : 81.09 – 80.005

(3) મધ્યાહ્ન ભોજન અંતર્ગત શિક્ષકે દરેક વિદ્યાર્થીના ખોરાકની પસંદગી જાણવી છે. શિક્ષકે આ માહિતી એકઠી કરવાનું કામ મારીઆને સોપ્યું. મારીઆને માહિતી એકઠી કરતાં જાણવા મળ્યું કે માત્ર ભાત પસંદ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા 17, માત્ર રોટલી પસંદ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા 13, ભાત અને રોટલી બંને પસંદ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા 20 છે તો મેળવેલ માહિતીને કોષ્ટકમાં આવૃત્તિ-ચિહ્નનો ઉપયોગ કરી દર્શાવો.

(4) એક ત્રિકોણની બે બાજુનાં માપ 15 સેમી અને 10 સેમી છે. જો આ ત્રિકોણની પરિમિતિ 40 સેમી હોય, તો તેની ત્રીજી બાજુનું માપ કેટલું?

(5) જતીન 15 દિવસમાં ₹ 8500 કમાય છે. તો તે 1 મહિનામાં (30 દિવસમાં) કેટલા રૂપિયા કમાશે ?

**(B) યોગ્ય રીતે જોડકાં જોડો.** **(4)**

| **આવૃત્તિ ચિહ્ન** | **મૂલ્ય** |
|---|---|
| (1) \|\|\| | (A) 9 |
| (2) ~~\|\|\|\|~~ \| | (B) 3 |
| (3) ~~\|\|\|\|~~ \|\|\|\| | (C) 11 |
| (4) ~~\|\|\|\|~~ ~~\|\|\|\|~~ \| | (D) 6 |

**પ્ર. 5 (C) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **(4)**

(1) $\frac{10}{3}$ એ શુદ્ધ અપૂર્ણાંક છે.

(2) 0.3 એ 0.03 કરતાં મોટી સંખ્યા છે.

(3) ચોરસ અને સમબાજુ ત્રિકોણ નિયમિત બંધ આકૃતિના ઉદાહરણ છે.

(4) ચલ ને હંમેશા $x$ વડે જ દર્શાવાય છે.

❊ ❊ ❊ ❖ ❊ ❊ ❊